

## રૂપાલકંપામાં વટસાવિત્રી વ્રતની ઊજવણી કરાઈ...

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામે શનિવારના રોજ વટસાવિત્રી વ્રત નિમિત્તે સ્થાનિક શ્રધ્ધાળુ મહિલાઓએ વહેલી સવારે દેવમંદિરોમાં તેમજ વડની પૂજા કરી પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ ભક્તિમય વાતાવરણ વચ્ચે દેવી દેવતાઓના દર્શન કરી પ્રસાદીનો ભોગ ધરાવી ધન્યતા અનુભવી હતી. જેઠ સુદ તેરસના રોજ વટસાવિત્રી વ્રતનો પ્રારંભ કરવામાં આવે છે અને પૂનમના દિવસે વ્રત પૂરું થાય છે. આ વ્રત દરમ્યાન પરણિત મહિલાઓ ત્રણ દિવસ ઉપવાસ અથવા બે દિવસ ફળાહાર અને એક દિવસ નકોરડો ઉપવાસ કરી સ્ત્રીઓ આ વ્રત પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે, સ્વાસ્થ્ય માટે અને પોતાને જન્મોજન્મ અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય તે માટે કરતી હોય છે.

## પ્રાંતિજના નનાનપુર ખાતે સાયકલ રેલી યોજાઈ: પૂર્વ સરપંચ સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા




પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે સાયકલ દિન નિમિત્તે આરોગ્ય સબસેન્ટર કર્મચારીઓ દ્ગારા સાયકલ રેલીનું આયોજન કરાયું. પ્રાંતિજ ના નનાનપુર ખાતે સાયકલ દિન નિમિત્તે આરોગ્ય સબ સેન્ટર ના શૈલેષભાઈ નાયી તેમજ આરોગ્ય કર્મચારી ઓ ગ્રામજનો યુવાનો દ્વારા સાઈકલ રેલી કાઢવામાં આવી હતી તેમજ ગ્રામજનો ને સ્વચ્છતા પાણીનો બગાડ નહીં કરવા મેલેરિયા જેવા રોગો સામે સ્વચ્છતા પાણીના ખાબોચિયાં ન રહે તે માટે ની સુચનાઓ તેમજ મહત્તમ સરકારી આરોગ્ય સેવાઓનો લાભ લેવા પર્યાવરણ તેમજ સાઈકલથી થતાં ફાયદાઓની જાણકારી શૈલેષભાઈ નાયી દ્ગારા આપવામાં આવી હતી..તમામ સાઈકલ ચાલકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.જુદાજુદા કાર્યક્રમ થકી આજે સાઈકલદિનની ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી.ગામના પૂ.સરપંચ ગીરીશભાઈ પટેલ તેમજ ગ્રામજનો એ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

**શહેરી વિસ્તારમાં શિક્ષણ કથળ્યાની વાસ્તવિક તસ્વીર બહાર આવી**

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની શાળાઓએ બોર્ડ પરીક્ષાઓમાં મેદાન મારતાં શિક્ષણની ગુણવત્તા દેખાઈ

## અનેક મંડળો ટ્યુશનની બદીને પાલવતી હોવાના ગંભીર આરોપ, તંત્ર અજાણ

બાયડ, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા ગત માર્ચ-૨૦૨૩માં યોજાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, કોમર્સ અને ધો.૧૦ બોર્ડ પરીક્ષાનાં પરિણામ જાહેર થયાં. જેમાં જિલ્લાના શહેરી વિસ્તારની નામાંકીત શાળાઓ પણ પરિણામોમાં પછડાટ મળ્યો છે તેની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારની શાળાઓએ ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં મેદાન મારતાં ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા સુધર્યાની છબી વાલીઓના માનસપટ પર અંકિત થઈછે. જિલ્લામાં આજે પણ અનેક મંડળો ટ્યુશનની બદીને પાલવતી હોવાના ગંભીર આરોપ છે અને તે લાંબાગાળે શૈક્ષણિક સંસ્થા માટે આત્મઘાતી બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર થયા ત્યારે નબળું પરિણામ આવે તો શૈક્ષણિક સંસ્થાઓમાં એકાદ સપ્તાહ સુધી સુનામી જેવો માહોલ હોય છે અને પછી બધું ભૂલાઈ જાય છે. પરંતુ આખું વર્ષ યોગ્ય આયોજન પૂર્વક મહેનત કરાવી હોય તો શાળાઓ બોર્ડ પરિણામમાં સારો દેખાવ કરી શકે છે. આ વર્ષે બોર્ડ દ્વારા ઓછી સ્કવોર્ડ મોકલવા છતાં જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનું નબળું પરિણામ આવ્યું તેની પાછળ અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકોની અનિયમિતતા અને મંડળોની બેદરકારી જવાબદાર હોવાના ખુલ્લેઆમ આરોપ અનેક વિસ્તારોમાં થઈ રહ્યા છે તેમાં તથ્ય પણ છે કારણ કે ટ્યુશનની બદી એટલી હદે લીફાલી છે કે ટ્યુશનિયા શિક્ષકો બપોર પછી શાળામાં વિદ્યાર્થીઓ ન આવે અને પોતે આરામ ફરમાવે તેવી ગોઠવણ પ્રથમ સત્ર બાદ કરી લેતા હોય છે.

**ચાલુ વર્ષના બોર્ડ પરિણામ ઉપર નજર**

| જિલ્લો | ધો.૧૦ | ધો.૧૨ સાયન્સ | ધો.૧૨ આર્ટસ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૫૯.૦૩ટકા | ૫૨. ૪૨કા | ૬૮.૧૭ટકા |
| અરવલ્લી | ૨.૪૫ ટકા | ૫.૮૧ ટકા | ૮.૩૪ ટકા |

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-સાબરકાંઠા અને અરવલ્લીને ટ્યુશન ચાલતાં હોવાની ફરિયાદો મળે છે અને તપાસ પછી બધો મામલો વિખેરાઈ જાય છે અને તેનું પરિણામ બોર્ડના પરિણામો ઉપર અસર કરતા સાબિત થાય છે. જો કે હવે નબળા પરિણામથી અનેક મંડળો અને શાળા સંચાલકોની આંખો ખૂલી ગઈ છે. શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓના સારા પરિણામોએ વાલીઓને આકર્ષ્યા છે પરંતુ તે લાંબા સમય સુધી જળવાઈ રહે તે પણ ઈચ્છનિય છે. એક સમયે શિક્ષણની નગરી ગણાતા હિંમતનગર, મોડાસા, બાયડ, ઈડર, તલોદ, પ્રાંતિજ અને ખેડબ્રહ્માની અનેક નામાંકિત શાળાઓના નબળા પરિણામોની દુરોગામી અસરો આવનારા દિવસોમાં જોવા મળી શકે છે.

**ટ્રીપલ એન્જીન સરકાર છતાં ભંગાર વાહનો**

## બાયડ નગરપાલિકાનાં મોટાભાગનાં વાહનો ફિટનેશ વગરનાં....!!!!

**રોડ ઉપર વાહન પસાર થાય ત્યારે પ્રજા, વેપારી મશ્કરી કરે**

બાયડ, તા.૩

રાજ્યમાં ડબલ એન્જીન સરકારમાં તમામ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થવાની સાથે સફાઈ માટે ઉપયોગમાં લેવાતા નવા સાધનોનો કાફલો અનેક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળ્યો છે. પરંતુ ટ્રીપલ એન્જીન સરકાર, ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં મોટાભાગનાં વાહનો ફિટનેશ વગરનાં હોવાથી રોડ ઉપરથી વાહન પસાર થાય ત્યારે પ્રજા અને વેપારી હવે ભાજપના શાસનની મશ્કરી કરતા હોય તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૦૬ થી બાયડ ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો મળ્યો. બાયડ પાલિકામાં સર્વાંગી વિકાસ થતાં આસપાસના અનેક ગામડાના લોકો બાયડમાં વસવાટ કરવા આવતાં અરવલ્લી જિલ્લાના સૌથી વધુ વિક્સિત વિસ્તારમાં બાયડની ગણના થઈ રહી છે. પરંતુ બાયડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા પછી વાહનોથી માંડી અન્ય વિકાસના કામોની ઝડપ ઘટી ગઈ છે. તેમાંય ખાસ તો બાયડમાં ઘેર ઘેર ફરીને કચરો ઉપાડતા ૮૦ ટકા વાહનો ફિટનેશ વગરના છે તદ્ઉપરાંત હવે જાહેર માર્ગો ઉપર કન્ટેનર ઉઠાવવા માટે ઉપયોગમાં લેવાતા ટ્રેક્ટરોની ફિટનેશ સામે પણ સવાલ ઉભા થઈ રહ્યા છે. શુક્રવારે ગાબટ રોડ ઉપર કન્ટેનર ઉઠાવતા ટ્રેક્ટરના લાઈટ સહિત નંબર પ્લેટ પણ ન હોવાને લઈને તંત્રના વહીવટ સામે અનેક પ્રકારના સવાલ ઉભા થયા છે. પોલીસ અને આર.ટી.ઓ. નંબર વગરનાં વાહનો ડીટેઈન કરી કાયદાનો કોરડો વિંઝતું હોય તો આવાં વાહનો કેમ દેખાતાં નથી ?? તેવા સવાલ સ્વાભાવિક થઈ રહ્યા છે.

## બનાસ ડેરીની ચૂંટણી પૂર્વે ચેરમેને અંબાજી માના આશીર્વાદ લીધા



ડીસા, તા. ૩

અરવલ્લીની નયનરમ્ય ગિરિમાળાઓમાં બીરાજમાન મા અંબાનું ધામ દેશ વિદેશમાં વિખ્યાત છે. ત્યારે સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દરરોજ હજારોની સંખ્યામાં માઈ ભક્તો માના દર્શનાર્થે આવી માતાજીના ચરણોમાં શીશ નમાવે છે. શક્તિપીઠ અંબાજી ખાતે કોઈપણ નેતા અભિનેતા કે પછી વીવીઆઈપી પણ માતાજીના ચરણોમાં શીશ નમાવવા અને માના આશીર્વાદ મેળવવા અંબાજી આવતા હોય છે. આજે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી પણ મા જગતજનની અંબાના દર્શન કરી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી મોડી રાત્રે અંબાજી ખાતે આવી પહોંચ્યા હતા. અને આજે સવારે માતાજીના મંદિર પહોંચ્યા હતા. મંદિર પહોંચતા મંદિરના પૂજારીઓ દ્વારા તેમનું ખેસ પહેરાવી અને તિલક કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શંકરભાઈ ચૌધરીએ માતાજીના ગર્ભગૃહમાં માતાજીની વિશેષ પૂજા અર્ચના કરી માના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા. આજે બનાસ ડેરીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી યોજાનાર છે. તે પહેલા શંકરભાઈ ચૌધરીએ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

# પ્રાંતિજ ખાતે મહિલાઓ દ્વારા વટસાવિત્રી વ્રતની ભાવભેર ઉજવણી

**પ્રાંતિજમાં વટ વૃક્ષ ની સૌભાગ્યવતી મહિલાઓ પતિના દીર્ઘાયુ અને સલામતી માટે વ્રત કર્યુ : વટ સાવિત્રીના વ્રતમાં પરિણીતી સોળ શણગાર કરીને વટ વૃક્ષની પૂજા કરી: પ્રાંતિજ સહિત તાલુકામા વિવિધ સ્થળો પર મહિલાઓ વડની પૂજા કરવામાં આવી : વટ વૃક્ષની પૂજા કરવાથી બ્રહ્મ વિષ્ણુ અને મહેશના આશીર્વાદ મળી રહ્યાં છે**





પ્રાંતિજ તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા વટ-સાવિત્રીના વ્રત નિમિત્તે પરિણીતાઓએ વડનું પૂજન અર્ચન કરી પતિના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી અને સવારથી પરિણીતાઓ પૂજન અર્ચન માટે ઉમટી પડી હતી સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા વડ સાવિત્રી પુનમ નુ વ્રત ઉજવે છે વટ સાવિત્રી વ્રત પૂજા વિધી - ભારતીય નારીની પતિભક્તિનું પ્રતિક એટલે વટપૂર્ણિમાં વ્રત

વટ સાવિત્રીના વ્રતમાં પરિણીતી સોળ શણગાર કરીને વટ વૃક્ષની પૂજા કરે છે સૌભાગ્યવતી રહેવા અને પુત્ર પ્રાપ્તિ માટે આ વ્રત ખૂબ જ ખાસ મહત્વ ધરાવે છે તો પ્રાંતિજ સહિત તાલુકામા વટ સાવિત્રી ના વ્રત ની ભાવભેર ઉજવણી કરવામા આવી હતી જેમા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ શાળાનંબર બે પાસે આવેલ વર્ષો પુરાણ વડ તથા નાની ભાગોળ ખાતે પણ વર્ષો જુનો પુરાણ વડ નું મોટાભાગની મહિલાઓએ પૂજા અર્ચના કરીને અને ૧૦૮ વખત વટ વૃક્ષ પર કાચું સુતર મોટાભાગની મહિલાઓ દ્વારા બાંધવામાં આવે છે અને વટ સાવિત્રી માં મોટા ભાગે મહિલાઓ વ્રત કરે છે વટ વૃક્ષ ની અખંડ સૌભાગ્યવતી મહિલાઓ પૂજા વિધિ કરી રહ્યા છે આમ તો મહિલાઓ પોતાના પતિ ના આયુષ વધે સાથે પુત્ર પ્રાપ્તિ માટે વ્રત કરવામાં આવે છે હિંદુ ધર્મમાં આ વ્રતનું ખૂબ જ મહત્વ રહેલું છે પૌરાણિક માન્યતા અનુસાર દિવસે રાહ સાવિત્રી તેના પતિ સત્યવાનને યમરાજ પાસેથી છીનવીને લાવ્યા હતા આ કારણોસર હિન્દુ મહિલાઓ પતિના દીર્ઘ યુ માટે આ વ્રત કરે છે વટ વૃક્ષની પૂજા કરવાથી બ્રહ્મ વિષ્ણુ અને મહેશના આશીર્વાદ મળી રહ્યા છે વડ સાવિત્રીનું વ્રત સૌ ભાગ્ય આપનારું, પતિના દીર્ઘ આયુષ્યની કામના કરનારું વ્રત છે ભારતીય સંસ્કૃતિમાં આ વ્રત આદર્શ નારીત્વનું પ્રતિક બની ચૂક્યું છે આમ, તો વ્રતની તિથિને લઈને લોકોના ભિન્ન ભિન્ન મત છે પણ સામાન્ય રીતે આ વ્રત જયેષ્ઠ માસના શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે કરવામાં આવે છે વડ સાવિત્રી વ્રતમાં વડ અને સાવિત્રી બંનેનું વિશેષ મહત્વ છે પીપળાની જેમ વડના ઝાંડનું પણ વિશેષ મહત્વ છે એવું કહેવાય છે કે વડમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેનો વાસ છે એટલે આની નીચે બેસીને વ્રત પૂજન કરવાથી કે કથા સાંભળવાથી મનોકામના પૂરી થાય છે વડ વૃક્ષનું પૂજન અને સાવિત્રી-સત્યવાનની કથાનું સ્મરણ કરવાના વિધાનને કારણે આ વ્રત વટ-સાવિત્રીના નામથી પ્રસિધ્ધ થયું આ વ્રત ખાસ કરીને સૌભાગ્યવતી સ્ત્રીઓજ કરે છે આ દિવસે વડનું પૂજન કરવામાં આવે છે આ વ્રતને સ્ત્રીઓ અખંડ સૌભાગ્યવતી રહેવાની મંગલકામના સાથે કરે છે.



તલોદ તાલુકાના મોઢુકા ખાતે આવેલ આંકલી મહાકાળી મંદિર ખાતે યાત્રાળુઓ માટે પીવાના પાણી ના બોર નું પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. ૦. તલોદ તાલુકાના મોઢુકા આંકલી મહાકાળી મંદિર ખાતે યાત્રાળુઓ માટે પીવાના પાણી માટે બોર નું ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. પીવાના પાણીની જરૂરિયાત દરેક ને પડે છે ત્યારે દર્શનાર્થે આવતાં યાત્રાળુઓ માટે આ પીવાના પાણી માટે લોકાર્પણ કરતાં યાત્રાળુઓ માં ખુશી જોવા મળી હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, તલોદ પ્રમુખ કલ્પેશભાઈ પટેલ, મહામંત્રી વી ડી ઝાલા, બાળ વિકાસ ચેરમેન રેખા બા ઝાલા હાજર રહ્યા હતા.

## Archery Queen Of Aravalli : ભાર્ગવી ભગોરા સિંગાપોર ખાતે યોજાનાર એશિયા કપની જુનિયર સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરશે

મોડાસા, તા. ૩

સિંગાપોર ખાતે યોજાનાર એશિયા કપમાં આર્ચરી સ્પર્ધમાં જુનિયન ઈન્ડિયન ટીમમાં માલપુર તાલુકાની એમ ડી પટેલ આર્ટસ કોલેજ તખતપુરમાં અભ્યાસ કરતી ભાર્ગવી વર્ગીસ કુમાર ભગોરાની પસંદગી થતા અરવલ્લી જીલ્લા સહીત ગુજરાતનું સમગ્ર દેશમાં નામ રોશન કર્યુ છે ભાર્ગવી ભગોરાની પસંદગી થતા ઠેર ઠેરથી અભિનંદન વર્ષા થઈ રહી છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલી એમ ડી પટેલ આર્ટસ કોલેજ તખતપુર કોલેજની વિદ્યાર્થીની ભાર્ગવી વર્ગીશકુમાર ભગોરાએ ખેલો ઈન્ડિયા માં આર્ચરીની સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો છે. તખતપુર આર્ટસ કોલેજ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાયું હતું વધુમાં સિંગાપોર ખાતે રમાનાર એશિયા કપ ની જુનિયર ઈન્ડિયા ટીમ માં પસંદગી પામી છે. પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન માલપુર તાલુકામાં આવેલી એમ ડી પટેલ આટર્સ કોલેજના સહિત ના સિલ્વર ગોલ્ડ અને બ્રાન્ચ મેડલ મેળવનાર ૧૧ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ના

ખેલાડીઓ ભારત સરકાર આયોજિત ઉત્તર પ્રદેશના લખનઉ ખાતે ૨૫ મેં થી ૩ જૂન સુધી યોજાઇ રહેલ ખેલો ઈન્ડિયામાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના ૧૧ ખેલાડીઓ જુડો, ટેનિસ, ફેન્સિંગ અને આર્ચરી એમ ચાર સ્પર્ધાઓમાં સિલ્વર ગોલ્ડ અને બ્રાન્ચ મેડલ મેળવનાર ૧૧ ખેલાડીઓ વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગયા છે. જેમાં ખેલો ઈન્ડિયા માં શુક્રવારે યોજાયેલી આર્ચરી સ્પર્ધામાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની ગોલ્ડ મેડલ ખેલાડી ભાર્ગવી ભગોરા સિલ્વર મેડલ મેળવ્યો હતો.અને માલપુર તાલુકામાં આવેલી એમ ડી પટેલ આર્ટસ કોલેજ તખતપુર અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે.

આગામી ૩ થી ૧૧ સિંગાપોર ખાતે રમાનાર એશિયા કપ ની જુનિયન ઈન્ડિયન ટીમ માં ભાર્ગવી વગીશ કુમાર ભગોરા ની પસંદગી થઈ છે જેમાં ઈન્ડિયા ના ટીમ ૨૨ જેટલા ખેલાડીઓ,કોચ સાથે આજે દિલ્લી થી સિંગાપુર ખાતે રમવા જશે તેવું યુનિવર્સિટીના શારીરિક નિયામક ચિરાગ પટેલ જણાવ્યું હતું.

એમ ડી પટેલ આર્ટસ કોલેજ ના સંચાલક મહેશભાઈ પટેલે



જણાવ્યું હતું કે ભાર્ગવી ભગોરા એ એમ ડી પટેલ આર્ટસ કોલેજ ની સાથે સાથે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને અરવલ્લી જિલ્લા આદિવાસી સમાજ નું પણ ગૌરવ વધાર્યું છે

## ધાનેરા નગરપાલિકાનાં અધિકારીઓ લોકોની સુવિધાને લઈ આંખ આડા કાન કરી રહ્યા છે!

ધાનેરા તા.૩

ધાનેરા નગરપાલિકા નો વહીવટ છેલ્લા ચાર પાંચ મહિનાથી ગામ ના અનેક પ્રશ્નો માટે નિષ્ક્રિય જોવા મળી રયો છે અને ધાનેરા ના અનેક પ્રશ્નો અટવાયેલા પડ્યા છે. જેની પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. અનેક પ્રશ્નોની રજુઆતો કરવા છતાં અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રયા છે. અને વાયદા બજાર કરી રયા છે. ધાનેરા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ ડો. શ્યામાપ્રસાદ મુખર્જી શોપિંગ (ત્રિકોણિયા માર્કેટ) માં ઉપર શૌચાલયો બનાવેલ છે. પરંતુ આ શૌચાલયોની સફાઈ ન થતી હોવાથી મોટા પ્રમાણમાં દુર્ગંધ મારતા હોવાથી રોગચાળો ફાટે તેવી પણ દહેશત જોવા મળી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, અંદર ની ગટરો બ્લોક થઈ જવાથી પેશાબ ના ખાબોચિયા ભરાયેલ જોવા મળી રયા છે. ઉભા રહેવાની જગ્યા નથી આ બાબતે વેપારી



રમેશભાઈએ જણાવ્યું હતું કે નગરપાલિકા મા વારંવાર રજૂઆત કરવા છતાં શોપિંગના શૌચાલયની સફાઈ કરવામાં આવતી નથી.જેના કારણે રોગચાળો પણ ફાટી નિકળે તેવી દુર્ગંધ મારે છે વેરા સમયસર ભરતા હોવા છતાં કોઈ સુવિધા મળતી નથી દુકાનદારો નું કહેવું છે કે જીલ્લા કલેકટરને ફોટા સાથે ઈમેલ દ્વારા રજૂઆતો પણ કરી છે કેમ કે તમામ વેરાઓ અને ભાડાઓ પાલિકા સમયસર લેતી હોય તો તેને સફાઈ રાખવાની પણ ફરજ બને છે. ચીફ ઓફિસર રૂડાભાઈ રબારીએ જણાવ્યું હતુ કે વેપારીઓની શૌચાલયની સફાઈ બાબતે રજૂઆતો મળી છે તો પછી ચીફ ઓફિસર ક્યાં મુર્હુત ની રાહ જોઈ રયા છે?,જેથી પાલિકાના સફાઈ કર્મચારીઓ દ્વારા તાકીદે સફાઈ કરવામાં આવે તેવી શોપિંગ સેન્ટર ના દુકાનદારો ની માંગ છે. અને વહીવટદાર શ્રી પણ ગામ ના પ્રશ્નો ની નોંધ લઈ યોગ્ય સવલતા અપાવે તથા જિલ્લા કલેક્ટર સાહેબ ધાનેરા નગરપાલિકા ના અધિકારી ઓની આંખ ઉઘાડે અને લોકો નું કામ થાય તેવી ગામના નાગરિકો ની માંગ છે.